## પ્રેસ નોટ

**શાહીબાગ પોલીસ તેમજ સખી સંઘ સંચાલીત શાહીબાગ આશ્રય ગ્રુહ મારફતે માતા પુત્ર નું ૧૦ વર્ષ બાદ મિલન કરાવી પ્રશસીનીય કામગીરી કરેલ છે.**

શાહીબાગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ આશ્રય ગ્રુહમાં પોલીસ મારફતે ગઇ તા.૨૨/૧૦/૨૦૧૯ ના રોજ એક ફુટપાથ ઉપરથી ઉવ.૫૫ ના આશરાના બહેન મળી આવેલ અને તેઓને શાહીબાગ સખી સંચાલીત આશ્રય ગ્રુહમાં રાખવામાં આવેલ જે બહેન શરીરે આશકત હોય અને કોઇ હિંન્દી કે ગુજરતી ભાષા જાણતા ના હોય તેઓની સારવાર કરાવી જમવાનું સમયસર આશ્રય ગ્રુહ મારફતે આપવામાં આવતા તેઓ તેલુગુ ભાષા બોલતા હોય તેવું જણાવતા એક તેલુગુ ભાષા જાણતા ઇસમને બોલાવી તેઓની ભાષા બોલાવતા અને સમજાવતા પોતાનું નામ લક્ષ્મી નાગેશ્વર રાવ ઉન્મ્મ રહે. અપલ સ્વામી કોલોની એલ્લુર જી.કિષ્ના વેસ્ટ ગોદાવરી આંધ્રપ્રદેશના હોવાનું જણાવેલ અને છેલ્લા ૧૦ વર્ષથી ઘરેથી નીકળી ગયેલા અને ફરતા ફરતા અમદાવાદ આવી ગયેલ હોય આ બાબતે તેઓના સરનામાની ખરાઇ કરવા આંધ્રપ્રદેશમાં ડીજીપી સાહેબને તથા વુમન કમિશ્નરને સાહેબ તેમજ કલેકટર સાહેબ તથા મુખ્યમંત્રી સાહેબનેં ઇમેલથી આ બાબતે જાણ કરવામાં આવેલ અને આ બાબતે ખરાઇ કરતા તેમના પુત્ર સૈલુ નાઓ આજરોજ આંધપ્રદેશ પોલીસ સાથે તેમની માતાને લેવા માટે શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે આવતા તેઓની મુલાકાત કરાવી તેમજ ઓળખ કરાવતા છેલ્લા૧૦ વર્ષથી ઘરેથી ગુમ થયેલ હોય જે અંગે આંધ્રપદેશ ખાતે પોલીસ ને પણ જાણ કરેલ હોય તપાસ દરમિયાન મળી આવેલ ના હોય અને આજરોજ પુત્ર તથા માતાનું શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ૧૦ વર્ષ બાદ મિલન કરાવવામાં આવેલ છે અને શાહીબાગ પોલીસ તથા સખી સંઘ સંચાલીત આશ્રય ગ્રુહના કર્મચારી મારફતે સારી કામગીરી કરેલ છે.




